| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૯/૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩/૦૯/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમય ગાળો | ૦૧ | ૦૮ | ૨૪ |
| આંક | ૨૫ | | |

**ફોર્મ– "એ"**

**જામનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ તથા અધિક ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ જામનગર**

| | | |
|---|---|---|
| ચુકાદા તારીખ | | ૨૭/૦૫/૨૦૨૬. |
| ફોજદારી કેસ સંખ્યા | | ૮૮૦૭/૨૦૨૪. |
| ગુનાની વિગત | | |
| ગુનાની કલમ | | ભારતીય દંડ સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધ ધારાની કલમ ૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | | મહીલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૨૦૦૧૨૪૦૦૩૮ |
| પોલીસ સ્ટેશન | | મહીલા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી | | દીપીકાબેન વા/ઓ મનીશભાઈ ઠાકર ડો/ઓ જીતેન્દ્રભાઈ શાંતીલાલ વ્યાસ |
| ફરિયાદપક્ષ તરફે | | વિ. એ. પી. પી. શ્રી પી. જે. પટેલ |
| આરોપી નં.૧ | | **મનીષભાઈ સ/ઓ વિમલભાઈ ઠાકર (પતિ)** ઉ.વ.૨૭, ધંધો–જેટકોમાં નોકરી |
| આરોપી નં.૨ | | **વિમલભાઈ સ/ઓ ચંદુભાઈ હરીશંકર ઠાકર (સસરા)** ઉ.વ.૫૬, ધંધો–પંચર કામ નોકરી |
| આરોપી નં.૩ | | **મીનાક્ષીબેન વા/ઓ વિમલભાઈ ચંદુભાઈ ઠાકર** |

| | | |
|---|---|---|
| | | **(સાસુ)**<br>ઉ.વ.૫૭, ધંધો-આંગણવાડીમા નોકરી |
| આરોપી નં.૪ | | **જતીનભાઇ સ/ઓ વિમલભાઇ ચંદુભાઇ ઠાકર (દીયર)**<br>ઉ.વ.૨૪, ધંધો-હોમગાર્ડમા નોકરી<br>રહે.બધા મવડી ચોકડી પાસે ઉદયનગર-૨ શેરી નં.૭ રાજકોટ તા.જી.રાજકોટ. |
| આરોપી નં.૫ | | **પાયલબેન વા/ઓ રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ (નણંદ)**<br>ઉ.વ.૨૭, ધંધો-ઘરકામ |
| આરોપી નં.૬ | | **રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ (નણંદોયા)**<br>ઉ.વ.૩૪, ધંધો-મજુરીકામ<br>રહે.બંને અયોધ્યા ચોક રાધા રેશીડેન્સી-૨<br>બ્લોક નં.૬૩,ગોકુલમથુરા એપાર્ટમેન્ટની<br>પાછળ ૭ રાજકોટ. |
| આરોપી તરફે | | વિ. વ. શ્રી એસ. બી. વોરીયા |

**<u>ફોર્મ- “બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | લગ્નના એકાદ માસથી |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૧/૦૮/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૦૮/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૬/૧૨/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યા તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | -- |

## <u>આરોપીની વિગત</u>

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મનીષભાઇ સ/ઓ વિમલભાઇ ઠાકર (પતિ) | ¦ | – | | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |
| ૨ | વિમલભાઇ સ/ઓ ચંદુભાઇ હરીશંકર ઠાકર (સસરા) | ¦ | – | | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |
| ૩ | મીનાક્ષીબેન વા/ઓ વિમલભાઇ ચંદુભાઇ ઠાકર (સાસુ) | ¦ | – | ભારતીય દંડ સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધ ધારાની કલમ ૪ મુજબ. | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |
| ૪ | જતીનભાઇ સ/ઓ વિમલભાઇ ચંદુભાઇ ઠાકર (દીયર) | ¦ | – | | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |
| ૫ | પાયલબેન વા/ઓ રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ (નણંદ) | ¦ | – | | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ (નણંદોયા) | --- | – | | નિર્દોષ છોડયા | –– | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |

## <u>ફોર્મ–સી</u>

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે.

| અ.નં. | આંક | સાહેદના નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૫ | દિપીકા મનીશ ઠાકરની જુબાની | ફરિયાદી |
| ૨ | ૧૭ | જીતેન્દ્ર શાંતીલાલ વ્યાસની જુબાની | સાહેદ |
| ૩. | ૧૮ | સુમિત્રાબેન જીતેન્દ્રભાઇ વ્યાસની જુબાની | સાહેદ |
| ૪. | ૧૯ | જીવતીબેન જીવાભાઇ મોઢવાડીયાની જુબાની | સાહેદ |
| ૫. | ૨૧ | દિલીપકુમાર કરમણભાઇ ગોહિલની જુબાની | ત.ક.અ. |

### (બી) <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા</u>

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ |

## –// <u>ચુકાદો</u> //–

(૧.૦) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરિયાદીના પતિ, સાસુ, સસરા, દીયર, નણંદ તથા નણંદોયા થતા હોય જે ફરીયાદીને લગ્નજીવન દરમ્યાન નાની નાની બાબતમા ઝગડો કરી ફરીયાદીના લગ્નજીવન દરમ્યાન તેણીને શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી ભુંડી ગાળો બોલી મારકુટ કરી એકબીજાની મદદગારી કરી. અવાર–નવાર નાની–નાની

બાબતોમાં વાંક કાઢી દુ:ખ ત્રાસ આપી ભુંડી ગાળો આપી મારકુટ કરી બોલાચાલી કરી કામકાજ બાબતે ફરીયાદીને શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપી દહેજની માંગણી કરી આરોપીઓએ એક સંપ કરી ગુન્હો કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દ.પ્ર.ધારાની કલમ–૪ મુજબના આક્ષેપિત ગુનાઓ કરેલ છે. સદરહું બનાવ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં આપતાં તે મહિલા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજિ.નં.–૩૮/૨૦૨૪ થી નોંધવામાં આવેલી અને તેની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારશ્રી ને સોંપવામાં આવેલી.

(૨.૦) સદરહુ બનાવ અનુસંધાનેની તપાસ, તપાસ કરનાર અમલદાર શ્રીએ કર્યા બાદ તેઓશ્રીના મંતવ્ય મુજબ આ કામના આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવા માટે પૂરતો પુરાવો હોય, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દ.પ્ર.ધારાની કલમ– મુજબના ગુનાઓનું ચાર્જશીટ તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે અને સદર ચાર્જશીટ ફોજદારી કેસ નંબર–૮૮૦૭/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

(૩.૦) ત્યારબાદ, આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં તેઓ નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ છે, આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૧૭૩ મુજબના પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોક્ત ગુનાનું **આંક–૦૩ થી તહોમતનામું** કોર્ટ દ્વારા ફરમાવી, સદરહુ તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી, આરોપીનો સદરહુ તહોમતનામા અંગે **આંક–૦૪** થી **આંક–૦૯** સુધીનો જવાબ લેતાં આરોપીઓએ તેઓની સામેના

ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપીઓ સામે આગળ ચલાવવામાં આવેલ છે.

(૪.૦) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે.

(૫.૦) ત્યારબાદ આ કામે બંને પક્ષના વિ.વ.શ્રીઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬.૦) ઉપરોકત રજુ થયેલ પુરાવાને આધારે હાલના કેસના નયાયિક નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

## –// <u>મુ દ્દા</u> //–

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ ફરિયાદીના પતિ, સાસુ, સસરા, દીયર, નણંદ તથા નણંદોયા થતા હોય જે ફરીયાદીને લગ્નજીવન દરમ્યાન નાની નાની બાબતમા ઝગડો કરી ફરીયાદીના લગ્નજીવન દરમ્યાન તેણીને શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી ભુંડી ગાળો બોલી મારકુટ કરી એકબીજાની મદદગારી કરી. અવાર–નવાર નાની–નાની બાબતોમાં વાંક કાઢી દુઃખ ત્રાસ આપી ભુંડી ગાળો આપી મારકુટ કરી

બોલાચાલી કરી કામકાજ બાબતે ફરીયાદીને શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપી દહેજની માંગણી કરી આરોપીઓએ એક સંપ કરી ગુન્હો કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દ.પ્ર.ધારાની કલમ-૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧. - નકારમાં

(૨) મુદ્દા નં.૨. - **આખરી હુકમ મુજબ.**

## --// <u>નિર્ણયના કારણો</u> //--

**<u>મુદ્દા નંબર - ૧.</u>**

(૭.૦) ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે, તેનાથી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટું બોલવા માટે કોઈ કારણ છે, ત્યાં સુધી તેની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમમાં કાયદાકીય જોગવાઈ અનુસાર પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો હંમેશા ફરિયાદપક્ષ પર રહેલો છે. નિર્દોષતાની સાબિતીનો બોજો કયારેય આરોપી તરફ તબદીલ થતો નથી. ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમમાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કરવા માટે કોઈ ચોકકસ

નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, સાંયોગિક પરિબળો વિગેરે હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય. નામદાર સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂધ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમિનલ)]*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ તમામ પરિબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ન હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય.

(૮.૦) ફરિયાદ પક્ષે આરોપી સામે મૂકવામાં આવેલ આક્ષેપો પુરવાર કરવા માટે જે પુરાવો રજૂ કરેલ છે, તે ધ્યાને લેતાં ફરિયાદ પક્ષે **ફરિયાદી–દિપીકા મનીશ ઠાકર** નાઓએ **આંક–૧૫** થી સોગંદ ઉપર જુબાની આપેલી છે. પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ ભાડાના મકાનમાં રહે છે. આ ભાડાનું ઘર તેમના પિતાના મકાન પાસે જ છે. તેઓ ભાડાના મકાનમાં એકલા રહે છે. તેમના લગ્ન તા. ૨૮/૦૪/૨૦૨૪ ના રોજ મનિશભાઈ ઠાકર સાથે સમુહ લગ્ન સમારંભમાં થયેલા. લગ્ન બાદ તેઓ સંયુકત પરિવારમાં રાજકોટ મુકામે રહેવા ગયેલ. સંયુકત પરિવારમાં તેઓ, તેમના પતિ, તેમના સાસુ-સસરા અને તેમના દિયર રહેતા હતા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, લગ્નના પહેલા ૧૫ દિવસ સારી રીતે રાખવામાં આવેલા. આ વખતે નાની નાની બાબતોમાં કંઈક બોલવાનું થતું પરંતુ તેમને એવું લાગતુ કે શરૂઆત છે અને તેમના માટે નવું છે એટલે પછીથી બરોબર થઈ જશે. તેમના હાર, બુટી અને વીંટી તેમના સાસુ પાસે હતા. તે બાબતે થોડી બોલાચાલી થયેલી. તે હાર, બુટી અને વીંટી તેમના સાસુએ રાખી લીધેલા અને તેમને પાછા

આપેલા નહિ. તેમને મહિનાની ચોથી તારીખે તેમને સારું ન હોવાથી આશીર્વાદ દવાખાને લઈ ગયેલા અને સાંજે પાછા આવેલા. જો તેમના પતિ અને સસરા ઘરે ન હોય ત્યારે તેમના નણંદ એવું કહેતા કે કાયમ માંદી રહે છે એટલે તેમની નણંદે એવું પણ કહેલુ કે પેટની સોનોગ્રાફી અને એવા રીપોર્ટ કરાવી લો. તે સમયે તેમને આ રીપોર્ટ કરાવવાની ના પાડેલી કારણ કે તેમને યુરીનમાં નોર્મલ ઈન્ફેકશન હતુ. તેમને તેમના નણંદે ૨ - ૩ વખત સોનોગ્રાફી કરાવી લેવાનું કીધેલુ એટલે તેમને તેમના પતિને આ બાબતની જાણ કરેલી ત્યારે તેમના પતિ કાંઈ બોલેલા નહિ.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ૨ - ૩ દિવસ ઉપરા ઉપરી બિમાર રહેતા હતા અને પેટમાં આંટી (ચુક ) આવતી હતી. જેથી તેમના પતિએ તેમને તેમના પિતાને ત્યાં જામનગર મોકલેલી. તેમને જામનગર આવવું ન હતુ તેમ છતાં તેમને જામનગરની બસમાં બેસાડી દીધેલી. તેઓ તેમના પિયરથી પરત સાસરીમાં જવાનું કીધું ત્યારે તેમના પતિએ સમજુતી કરાર મોકલી દીધેલો અને જણાવેલુ કે આ કરારમાં સહિ કરશે તો જ આવજે નહિ તો ન આવતી. ત્યારબાદ તેમને તેમના પિતા અને મોટા દાદા એટલે મોટા બાપા સાસરીમાં મુકવા આવેલા ત્યારે તેઓ તેમની સાથે કીપેડ વાળો એક ફોન લઈને આવેલ હતી. તેમના સસરા શંકા કરવા માંડેલા કે ફોન લઈને આવેલા છે એટલે બીજા સાથે કાંઈ હશે. તેમની પાસે બીજો એન્ડ્રોઈડ ફોન પણ હતો. તેમને તેમની સાસરીમાં મુકી ગયેલા. ત્યાર પછી ૫ - ૬ દિવસ તેમને સારી રીતે રાખવામાં આવેલા. સાતમા મહિનાની ચોથી તારીખે તેમના સાસુ પગથિયા ઉપર સાબુ એમને એમ રાખીને જતા રહેલા. તેના કારણે તેઓ પડી ગયેલ. તેમને પગના ભાગે પ્લાસ્ટર આવેલું. ૨ - ૩ દિવસ પછી તેમના માતા પિતા અને તેમના બે બહેનો તેમની ખબર કાઢવા માટે આવેલા ત્યારે તે સમયે તેમના માતા પિતા અને તેમના પતિ તથા સાસુ વચ્ચે શું માથાકુટ થયેલી તેની ખબર નથી

પરંતુ તેઓ સામસામે બોલતા હતા બપોરના ૩ વાગ્યાથી બોલવાનું શરૂ કરેલુ તે બીજા દિવસે વહેલી સવારે ૫ વાગ્યા સુધી બોલાચાલી ચાલુ રાખેલી. તેમના પતિ રાત્રે સાડા દશના ગાળામાં તેમને ત્યાં જ મુકીને કયાં જતા રહેલા તેની ખબર રહેલી નહિ જેથી આખુ ઘર તેમના પતિને શોધતું હતુ. તેમના પતિ અને તેના મિત્ર સવારે ૬ વાગ્યે ઘરે આવેલા ત્યારે તેમના કાકાજી સસરાએ તેમને બોલાવેલી અને વાતચીત કરતા હતા ત્યાં સીધી પોલીસની ગાડી આવી ગયેલી. સાવરે છ - સાડા છ વાગ્યે પોલીસની ગાડી આવેલી ત્યારે તેમને પૂછેલુ કે ફરીયાદ કોણે કરી છે તો તે બાબતે તેમને પોલીસ વાળાએ કોઈ જવાબ આપેલો નહિ, પોલીસની ગાડીમાં કોઈ લેડીઝ કોન્સ્ટેબલ ન હતી, તેમના દિયર અને પોલીસના માણસો તેમને એવું કહેતા હતા કે ગાડીમાં બેસી જાવ. તેમને ગાડીમાં બેસાડીને પોલીસ સ્ટેશને લઈ ગયેલા. પોલીસ સ્ટેશનમાં તેમના પતિ અને દિયરે તેમને એવું કહેલુ કે છૂટાછેડા આપી દે અને ઘરે જતી રહે. જેથી તેમને ૧૮૧ નંબર ઉપર ફરીયાદ કરેલી અને ત્યારબાદ પછી તેમને કોર્ટમાં લઈ ગયેલા. ત્યાં તેમનુ નિવેદન લીધેલુ અને ૨૫ તારીખે તેમને તથા તેમના પતિ બંને જણાને કોર્ટમાં બોલાવેલા. તેઓને રાજકોટની કોર્ટમાં બોલાવેલા હતા.વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમના સાસરીવાળાએ પોલીસની ગાડી બોલાવેલી ત્યારે તેમના સાસુ-સસરા તથા દિયર તેઓને ઘરે મૂકીને ગામડે જતા રહેલા. બીજા દિવસે તેમના સાસુ થોડા ઘણા કપડા અને સામાન લેવા આવેલા ત્યારે બંને ગેસની સ્વીચ ચાલુ રાખીને જતા રહેલા. તેમને પાંચેક મીનીટ પછી તે અંગે વાસ આવતા જોયેલુ તો બંને ગેસની સ્વીચ ચાલુ હતી તેથી તેમને તેમના પતિને ફોન કરેલા પરંતુ તેમના પતિએ ફોન ઉપાડેલા નહિ પછી તેઓ ત્યાં આવેલા ત્યારે તેમને તેઓને જણાવેલુ કે ગેસના બર્નરની સ્વીચ ચાલુ છે તો તેમના પતિએ તેમને જણાવેલું કે ભલે ચાલુ રહી હવે મરવાનું જ બાકી રહેલુ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, રસોડામા તેમના સાસુ અને તેમના ઘર વાળા બંને જણા ગયેલા હતા એટલ ગેસના બર્નરની સ્વીચ કોણે ચાલુ રાખેલી તેની તેમને ખબર નથી. ૨–૩ દિવસ પછી તેમની બહેનનો ફોન આવેલો કારણ કે તેમના પિતાને છાતીમાં દુખાવો હતો અને એેટેકની અસર હતી. ત્યારે રાત્રે દોઢ થી બે વાગેલા હતા. તેમને તેમના પતિને ઉઠાડેલા અને તેમના પિતા પાસે લઈ જવાનું કહેલુ ત્યારે તેમના પતિએ તેમને સવારે જવાનું કહેલુ તેમ છતાં તેઓ ત્રણ સાડા ત્રણ સુધી જાગતી રહેલી ત્યારે ૧૦૮ ના વાહન વાળાનો ફોન આવેલો અને તેમને જણાવેલુ કે તમારા પિતાને એેટેકની અસર હતી પરંતુ સારુ છે અને ઘરે મોકલી આપેલા છે એટલે તેઓ સવારે બતાવી જજો. ત્યારબાદ તેમના પતિને તેમણે સવારે તેમના પિતા પાસે લઈ જવાનું જણાવેલુ પરંતુ તેમના પતિ સવારે ઉઠીને જતા રહેલા તેમણે તેઓને ફોન કરીને પિતા પાસે લઈ જવાનું જણાવતા તેમના પતિએ તેમને કહેલ કે તારે જવું હોય તો જા પરંતુ પોલીસ સ્ટેશનમાં લખાણ કરાવીને જજે. તેમના પગમાં પાટો હોવાથી તેઓ એકલી તેમના પિતા પાસે જઈ શકે તેમ ન હતી એટલે તેમને બપોરે તેમના પતિને ફરી પાછા પિતા પાસે લઈ જવા માટે જણાવેલ ત્યારે તેમના પતિએ શરૂઆતમાં ના પાડેલી અને પછી લઈ જવા માટે તૈયાર થયેલા અને સામાન પેક કરવાનું જણાવેલ. તેમને સામાન પેક કરી દીધા બાદ તેઓએ તેમને લઈ જવાની ના પાડેલી અને તેમની સાથે ઝગડો કરવા લાગેલા અને સાંજ સુધી આવુ ચાલેલુ પછી તેમને એવું લાગેલુ કે સામ સામા રહીશુ તો ઝગડો થશે એટલે તેમને સામે ના રૂમમાં જવાની તૈયારી કરતા તેમના પતિએ તેમનો હાથ પકડી રાખેલો જેથી તેમની બંગલી તેમના હાથમાં ખૂંપી ગયેલી અને તેમને લોહી નીકળેલુ અને તેઓ પોતે ચાકુ લઈને ફરતા હતા તે ચાકુ તેમને છોડાવવાનો પ્રયત્ન કરતા તેમને થોડું લાગી પણ ગયેલુ. આ સમયે ઝગડો થવાને કારણે આખું ફળીયું ભેગું થઈ ગયેલુ. ત્યાર પછી સામેના રૂમમાં આવેલા ત્યાં પણ તેમની સાથે હાથાપાઈ કરેલી

ત્યારે તેમના પતિના નખ તેમને વાગી ગયેલા અને તેમના નખ ઉખડી ગયેલા. તે સમયે તેમને પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરેલો એટલે પોલીસના માણસો તેમને સખી વન સ્ટોપમાં  લઈ  ગયેલા. આવું બધુ બનેલુ. હજુ નાની મોટી બાબતો પણ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમને મેઈન વાંધો તેમના દિયર, સાસુ અને નણંદ સામે છે. તેમના દિયર તેમની સાથે એવી મસ્તી કરતા કે જો પાણીનો ગ્લાસ હોય તો ખેંચાખેંચી કરે અને તેઓ રસોડામાં હોય તો ખોટા ચારા કરે. ખોટા ચારા એટલે તેઓ રસોડામાં કામ કરતા હોય તો ત્યાં ઉભા રહે, ખંભે હાથ રાખે, જમવા બેસે ત્યારે પણ તેમને જણાવે કે એક થાળીમાં જમવાનું લઈ લો. જો તેઓ તેમના સામેના રૂમમાં હોય તો તેમને વારંવાર બોલાવે. કોઈપણ કારણ વગર તેમને ૨ - ૩ વાર ફોન કરેલ. બપોર સુધી તેઓ અને તેમના દિયર તેમના ઘરે હોય અને સાંજે તેમના ઘરવાળા આવી જાય પછી તેમને ફોન કરે. તેમને તેમના સાસુ અને નણંદને આવું કહેલુ તો તેઓ તેમની ઉપર જ અકડાઈ ગયેલા. ત્યારે તેમને ખોટી પાડેલી અને એવું જણાવેલું કે તે એક ને તો લઈ લીધો હવે બીજાને પણ લઈ લેવો છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમને એવું કહેલુ કે સમુહમાં લગ્ન કરેલા છે. જો એવું હોય તો તેઓ અલગ રહેવા જતા રહો, તેમના પિતાને કહે કે અમુક વસ્તુ છે અને અમુક વસ્તુ લઈ દે. તેમને આવું તેમના સાસુએ કહેલુ. તેઓને ૫-૬ દિવસમાં અલગ રહેવા જતા રહેવાનું કહેલુ.

વધુમાં તેઓએ જણાવેલ છે કે,સમજુતી કરાર તેમના નણદોયાએ મોકલાવેલ એટલે તેઓ તેમના ઘરવાળાને સપોર્ટ કરે. તેમને કરાર છઠા મહિનામાં મોકલેલો, તેમને તારીખ યાદ નથી.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમના પતિને તેમની સાથે મુખ્ય વાંધો એવો હતો કે તેમને તેમની નણંદ અને સાસુ સાથે બોલવાનું થયા કરતુ હતુ એટલે તેમને અલગ રહેવા જવું હતુ પરંતુ તેમના પતિને અલગ રહેવા જવું ન હતુ. તેમને ૩ થી ૪ વખત ફરીયાદ લખાવેલી છે. એફ. આઈ. આર. તેમને ખાલી જામનગર જ લખાવેલી જે આ કેસની છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમને ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેમની સહિ છે તે તેમના લખાવ્યા મુજબની છે. જેમાં તેમને નામદાર અદાલતમાં જણાવેલી હકીકત લખાવેલી છે. જે ફરીયાદ રજુ દા.આંક-૧૬ આપવામાં આવે છે.

(૮.૧) ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે,તેઓ એ વાત જાણે છે કે અદાલતમાં ખોટું બોલવામાં આવે તો સજા થાય. સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તેમની ફરીયાદમાં એવુ લખાવેલુ કે લગનની શરૂઆતમાં તેમને એકાદ મહિનો સારી રીતે રાખવામાં આવેલી હતી. વધુમાં ઉલટતપાસ દરમ્યાન ફરીયાદી એકથી વધારે ઈન્ટાગ્રામ એકાઉન્ટ ધરાવતા હોવાનું અને ઈન્ટાગ્રામ એકાઉન્ટ ઉપર ઘણા બધા મીત્રો ધરાવતા હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જો કે ફરીયાદીએ તેણીની તથા આરોપી નં.૧ વચ્ચે ઈન્ટાગ્રામ એકાઉનટ તથા સદર એકાઉન્ટ પર ફોટા મોકલવા અને ચેટીંગ કરવા અંગે તકરાર થતી હતી તે હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, “ લગ્નના પહેલા ૧૫ દિવસ સારી રીતે રાખવામાં આવેલા. આ વખતે નાની નાની બાબતોમાં કંઈક બોલવાનું થતું પરંતુ તેમને એવું લાગતુ કે શરૂઆત છે અને તેમના માટે નવું છે એટલે પછીથી બરોબર થઈ જશે. તેમના

હાર, બુટી અને વીંટી તેમના સાસુ પાસે હતા. તે બાબતે થોડી બોલાચાલી થયેલી. તે હાર, બુટી અને વીંટી તેમની સાસુએ રાખી લીધેલા અને તેમને પાછા આપેલા નહિ. તેમને મે મહિનાની ચોથી તારીખે તેમને સારું ન હોવાથી આશીર્વાદ દવાખાને લઈ ગયેલા અને સાંજે પાછા આવેલા. જો તેમના પતિ અને સસરા ઘરે ન હોય ત્યારે તેમના નણંદ એવું કહેતા કે કાયમ માંદી રહે છે એટલે તેમની નણંદે એવું પણ કહેલુ કે પેટની સોનોગ્રાફી અને એવા રીપોર્ટ કરાવી લો. તે સમયે તેમને આ રીપોર્ટ કરાવવાની ના પાડેલી કારણ કે તેમને યુરીનમાં નોર્મલ ઈન્ફેકશન હતુ. તેમને તેમના નણંદે ૨ - ૩ વખત સોનોગ્રાફી કરાવી લેવાનું કીધેલુ એટલે તેમનેતેમના પતિને આ બાબતની જાણ કરેલી ત્યારે તેમના પતિ કાંઈ બોલેલા નહિ ". મુજબની હકીકત પોતાની ફરીયાદમા લખાવેલ નથી.

વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, "તેઓ ૨ - ૩ દિવસ ઉપરા ઉપરી બિમાર રહેતી હતી અને પેટમાં આંટી (ચૂક) આવતી હતી. જેથી તેમના પતિએ તેમને તેમના પિતાને ત્યાં જામનગર મોકલેલી. તમેને જામનગર આવવું ન હતુ તેમ છતાં તેમને જામનગરની બસમાં બેસાડી દીધેલી. તેમને તેમના પિયરથી પરત સાસરીમાં જવાનું કીધું ત્યારે તેમના પતિએ સમજૂતી કરાર મોકલી દીધેલો અને જણાવેલ કે આ કરારમાં સહિ કરશે તો જ આવજે નહિ તો ન આવતી. ત્યારબાદ તેમને તેમના પિતા અને મોટા દાદા એટલે મોટા બાપા સાસરીમાં મુકવા આવેલા ત્યારે તેઓ તેમની સાથે કીપેડ વાળો એક ફોન લઈને આવેલી હતી. તેમના સસરા શંકા કરવા માંડેલા કે ફોન લઈને આવેલા છે એટલે બીજા સાથે કાંઈ હશે. તેમની પાસે બીજો એન્ડ્રોઈડ ફોન પણ હતો. "મુજબની હકીકત પોતાની ફરીયાદમા લખાવેલ નથી.

વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, “ ૨ - ૩ દિવસ પછી તેમના માતા પિતા અને તેમના બે બહેનો તેમની ખબર કાઢવા માટે આવેલા ત્યારે તે સમયે તેમના માતા પિતા અને તેમના પતિ તથા સાસુ વચ્ચે શું માથાકુટ થયેલી તેની ખબર નથી પરંતુ તેઓ સામસામે બોલતા હતા બપોરના ૩ વાગ્યાથી બોલવાનું શરૂ કરેલુ તે બીજા દિવસે વહેલી સવારે ૫ વાગ્યા સુધી બોલાચાલી ચાલુ રાખેલી. તેમના પતિ રાત્રે સાડા દશના ગાળામાં તેમને ત્યાં જ મુકીને કયાં જતા રહેલા તેની ખબર રહેલી નહિ જેથી આખુ ઘર તેમના પતિને શોધતું હતુ. તેમના પતિ અને તેના મિત્ર સવારે ૬ વાગ્યે ઘરે આવેલા ત્યારે તેમના કાકાજી સસરાએ તેમને બોલાવેલી અને વાતચીત કરતા હતા ત્યાં સીધી પોલીસની ગાડી આવી ગયેલી. સાવરે છ - સાડા છ વાગ્યે પોલીસની ગાડી આવેલી ત્યારે તેમને પુછેલ કે કરીયાદ કોણે કરી છે તો બાબતે તેમને પોલીસ વાળાએ કોઈ જવાબ આપેલો નહિ, પોલીસની ગાડીમાં કોઈ લેડીઝ કોન્સ્ટેબલ ન હતી. તેમના દિયર અને પોલીસના માણસો તેમને એવું કહેતા હતા કે ગાડીમાં બેસી જાવ. તેમને ગાડીમાં બેસાડીને પોલીસ સ્ટેશને લઈ ગયેલા. પોલીસ સ્ટેશનમાં તેમના પતિ અને દિયરે તેમને એવું કહેલ કે છૂટાછેડા આપી દે અને ઘરે જતી રહે." મુજબની હકીકત પોતાની ફરીયાદમા લખાવેલ નથી.

વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, “ત્યારે રાત્રે દોઢ થી બે વાગેલા હતા.તેમને તેમના પતિને ઉઠાડેલા અને તેમના પિતા પાસે લઈ જવાનું કહેલુ ત્યારે તેમના પતિએ તેમને સવારે જવાનું કહેલુ તેમ છતાં તેઓ ત્રણ સાડા ત્રણ સુધી જાગતી રહેલી ત્યારે ૧૦૮ ના વાહન વાળાનો ફોન આવેલો અને તેમને જણાવેલુ કે તેમના પિતાને એટેકની અસર હતી પરંતુ સારુ છે અને ઘરે મોકલી આપેલા છે. એટલે

તેઓ સવારે બતાવી જજો. ત્યારબાદ તેમના પતિને તેમને સવારે તેમના પિતા પાસે લઈ જવાનું જણાવેલુ પરંતુ તેમના પતિ સવારે ઉઠીને જતા રહેલા તેમને તેઓને ફોન કરીને પિતા પાસે લઈ જવાનું જણાવતા તેમના પતિએ તેમને કહેલ કે તારે જવું હોય તો જા પરંતુ પોલીસ સ્ટેશનમાં લખાણ કરાવીને જજે. તેમના પગમાં પાટો હોવાથી તેઓ એકલી તેમના પિતા પાસે જઈ શકે તેમ ન હતી એટલે તેમને બપોરે તેમના પતિને ફરી પાછા પિતા પાસે લઈ જવા માટે જણાવેલ ત્યારે તેમના પતિએ શરૂઆતમાં ના પાડેલી અને પછી લઈ જવા માટે તૈયાર થયેલા અને સામાન પેક કરવાનું જણાવેલ. તેમને સામાન પેક કરી દીધા બાદ તેઓએ તેમને લઈ જવાની ના પાડેલી અને તેમની સાથે ઝગડો કરવા લાગેલા અને સાંજ સુધી આવુ ચાલેલુ પછી તેમને એવું લાગેલ કે સામ સામા રહીશ તો ઝગડો થશે એટલે તેમને સામે ના રૂમમાં જવાની તૈયારી કરતા તેમના પતિએ તેમનો હાથ પકડી રાખેલો જેથી તેમની બંગલી તેમના હાથમાં ખૂંપી ગયેલી અને તેમને લોહી નીકળેલ અને તેઓ પોતે ચાકુ લઈને ફરતા હતા તે ચાકુ તેમને છોડાવવાનો પ્રયત્ન કરતા તેમને થોડું લાગી પણ ગયેલ. આ સમયે ઝગડો થવાને કારણે આખું ફળીયું ભેગું થઈ ગયેલું. ત્યાર પછી સામેના રૂમમાં આવેલા ત્યાં પણ તેમની સાથે હાથાપાઈ કરેલી ત્યારે તેમના પતિના નખ તેમને વાગી ગયેલા અને તેમના નખ ઉખડી ગયેલા. " મુજબની હકીકત પોતાની ફરીયાદમા લખાવેલ નથી.

વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, “ તેમને મેઈન વાંધો તેમન દિયર, સાસુ અને નણંદ સામે છે. તેમના દિયર તેમની સાથે એવી મસ્તી કરતા કે જો પાણીનો ગ્લાસ હોય તો ખેંચાખેંચી કરે અને તેઓ રસોડામાં હોય તો ખોટા ચારા કરે. ખોટા ચારા એટલે તેઓ રસોડામાં કામ કરતી હોય તો ત્યાં ઉભા રહે, ખંભે હાથ રાખે, જમવા બેસે ત્યારે પણ તેમને

જણાવે કે એક થાળીમાં જમવાનું લઈ લો. જો તેઓ તેમની સામેના રૂમમાં હોય તો તેમને વારંવાર બોલાવે. કોઈપણ કારણ વગર તેમને ૨ - ૩ વાર ફોન કરેલ. બપોર સુધી તેઓ અને તેમના દિયર તેમના ઘરે હોય અને સાંજે તેમના ઘરવાળા આવી જાય પછી તેમને ફોન કરે.તેમને તેમના સાસુ અને નણંદને આવું કહેલુ તો તેઓ તેમની ઉપર જ અકડાઈ ગયેલા. ત્યારે તેમને ખોટી પાડેલી અને એવું જણાવેલુ કે તે એક ને તો લઈ લીધો હવે બીજાને પણ લઈ લેવો છે. " મુજબની હકીકત પોતાની ફરીયાદમા લખાવેલ નથી.

જો કે સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમના ઉપર કોઈપણ જાતનો દુ:ખ-ત્રાસ હતો નહિ. સાહેદે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમની સાસરીમાં બધા જ લોકો નોકરીયાત હોય સવારે નોકરીએ જતા રહેતા અને સાંજે ઘરે આવતા, કોઈપણ જાતનો દુખ ત્રાસ કે હેરાનગતિ ન હોય પરંતુ એકમાત્ર કારણ તેઓ સોશીયલ મીડીયામાં એકટીવ હોય તે તેમની સાસરીમાં પસંદ ન હોય. અનેક વખત તેમના પતિ ના પાડવા છતાં ઈન્સ્ટાગ્રામમાં એકટીવ રહેતી હોય તેમની વચ્ચે વિવાદ થતો હતો. સદર સાહેદે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમને સ્વેચ્છાએ જ તેમનું ઘર છોડેલ અને તમામ આરોપીઓ સામે તદન ખોટા ઉભા કરેલા આક્ષેપો મુજબની ફરીયાદ કરેલ છે. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૮.૨) સદરહુ ફરીયાદીની સરતપાસ તથા ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદીએ પોતાની અદાલત સમક્ષ જે મૌખિક જુબાની આપેલી છે તેમા આરોપીઓ વિરૂધ્ધ જે આક્ષેપો કરેલા છે તેવી કોઇ હકીકત ફરીયાદમાં લખાવેલી નથી અને તે હકીકતનો સ્વીકાર પણ ફરીયાદીએ કરેલ છે. આમ, ખુદ ફરીયાદીની જુબાનીમાં જ ફરીયાદ

સાથે વિસંગતતા જણાય આવે છે.

(૯.૦) ત્યારબાદ વધુમાં ફરીયાદપક્ષે **આંક-૧૭**થી સાહેદ **જીતેન્દ્રભાઇ શાંતીલાલ વ્યાસ**ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તેમની દીકરીના સાસરીમાં બનેલો એટલે તેમને ચોકકસ કાંઈ ખબર નથી પરંતુ તેમની દીકરીને મારકુટ કરતા તેવું જાણેલુ. તેમના જમાઈ મનીશભાઈ તેમની દીકરી સાથે કેવુ વર્તન કરતા હતા તે તેઓ ચોકકસ એટલા માટે કહી શકે નહી કેમ કે તેઓ જામનગર રહે છે અને તેઓ રાજકોટ રહે છે તેથી તેના વર્તનની તેમને ખબર નથી. તેમના જમાઈ તેમની દીકરી સાથે કેવું વર્તન કરતા હતા તેવી કોઈ પુછપરછ તેમની દીકરીને કરેલી નહિ. તેમની દીકરીએ તેમને એવું જણાવેલુ કે તેમના સાસુએ સાબુનુ પાણી નાખેલુ જેના ઉપર તેમની દીકરીએ પગ રાખેલો એટલે પડી જવાથી તેમની દીકરીન પગમાં ફ્રેકચર થઈ ગયેલુ. આ સિવાય તેમની દીકરીને મેણાં ટોણાં મારતા હતા તેવું પણ તેમની દીકરીએ જણાવેલુ. તેઓ એવું કહેતા હતા કે ધરાર આર્યસમાજમાં લગ્ન કરેલા છે, કરીયાવર આપેલો નથી એવું બધુ કહેતા હતા.તેમની દીકરીના સસરા તેમની દીકરીને કાંઈ કહેતા ન હતા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરીએ તેમને એવું કહેલુ કે તેમના દિયર તેમની દીકરીના આંગળા પકડે છે. તેમની દીકરીએ તેમને જણાવેલુ કે ઘરના બધા વ્યક્તિઓ નોકરી ઉપર હોય તે સમયે તેમની દીકરી અને તેમના દિયર ઘરે એકલા જ હોય છે. તેઓ મનાવવા ગયેલા ત્યારે તેઓએ જણાવેલું કે આને બે પાંચ લાખ રૂપિયા આપીને છુટુ કરી નાખો.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરીના નણંદ બાજુમાં રહે છે તેઓ કલાકે - બે કલાકે તેમની દીકરીનો ત્યાં આવતા હોય છે.

તેમની દીકરીના નણંદ તેમની દીકરી સાથે શું કરતા હતા તે બાબત તેઓ જામનગર હોવાથી જાણતા નથી. નણંદ બે ત્રણ ગલી મુકીને રહે છે. તદન બાજુમાં રહેતા નથી.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરીને મારકુટ તેના પતિ કરતા હતા. તમેની દીકરીને તેના પતિએ તા. ૧૨/૦૭/૨૦૨૪ ના રોજ મારેલું હતુ. તેમની દીકરીના હાથમાં લોહી કાઢી નાખેલુ. તેમની દીકરીએ આ બાબતે ડોકટરી સારવાર પણ કરાવેલી.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનેથી ફોન આવેલો અને તેમને જણાવેલુ કે તેમની દીકરીને અહિથી લઈ જાઓ અહિ કોઈ સેફટી નથી. ત્યારબાદ તેઓ રાત્રે સાડા ત્રણ ચાર વાગ્યે સખી વન સ્ટોપમાં ગયેલો અને તેમની દીકરીને ત્યાંથી લઈ આવેલા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેમની આ બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલી નથી. તેમને તા. ૧૧/૦૭/૨૦૨૪ ના રોજ એટેકનો હુમલો આવેલો ત્યારે તેમની દીકરીએ તેમની આ દીકરીને જાણ કરીને તેને મુકી જવાનું જણાવેલુ ત્યારે તેમના જમાઈએ તેમની દીકરીને મારેલું અને જણાવેલુ કે પહેલા પોલીસ સ્ટેશને જઇને લખાણ કરી આવો કે તેઓ જામનગર જાય છે પછી મુકી જશે. તેઓ આરોપીઓને જોયેથી ઓળખે છે.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામા આવેલ પરંતુ ત્યારબાદ પણ ફરીયાદપક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૯.૧) બચાવપક્ષ દ્વારા સદરહુ સાહેદની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેવી હકીકત પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલી નથી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૯.૨) આમ, સદરહુ સાહેદની સરતપાસ ઉલટતપાસ બંને વંચાણે લેતા બચાવપક્ષ સદરહુ સાહેદની જુબાની દરમ્યાન વિસંગતતા રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ છે. આમ સદરહુ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષની મહત્વની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૧૦.૦) ત્યારબાદ વધુમાં ફરીયાદપક્ષે આંક-૧૮થી સાહેદ સુમિત્રાબેન જીતેન્દ્રભાઇ વ્યાસને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની દીકરીને તેની સાસરીમાં શું થયેલુ તે તેમને ખબર ન હોય. તેમની દીકરીના સાસુ આંગણવાડીમાં કામ કરે છે તથા તેમના જમાઈ જી. ઈ. બી. માં નોકરી કરે છે તથા તેઓના સસરા ગેરેજમાં જાય છે જે ગેરેજ તેઓનું પોતાનું છે. તેમની દીકરીનો દીયર હોમગાર્ડમાં નોકરી કરે છે. તેમની દીકરીએ તેમને ફોનમાં જણાવેલું કે સમુહમાં લગ્ન કરેલા છે અને કરીયાવર ઓછો પડે છે. સાસરીવાળાઓએ ધુમધામથી લગ્ન કરવા હતા. તેઓએ સમુહ લગનમાં આ લગ્ન કરેલા તે ગમેલું નહિ. કરીયાવર બાબતે સાસુ, નણંદ, દિયર સાથે નાની મોટી વાતચીત / બોલવાનું ચાલ્યા કરતુ હતુ. મેણાં ટોણાં ચાલુ હતા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરીને તબિયત સારી ન હતી એટલે બે દિવસ માટે તેમના ઘરે રોકાવા આવેલી. ત્યારબાદ તેઓ પાછી પોતાની સાસરીમાં જતી રહેલી. તેમના જમાઈ

મનિશકુમાર તેમની દીકરીને તેડવા આવેલા. ત્યારપછી તેના ઘરે શું થયેલુ તેની તેઓને ખબર નથી. તેમની દીકરીએ ફોન ઉપર તેમને જણાવેલુ કે તેના પતિએ હાથ ઉપાડેલો છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, ત્યારબાદ તેમના વેવાણે મોબાઈલમાં પી. ડી. એફ. મોકલાવેલી અને જણાવેલું કે આમા સમજુતી કરો કે છોકરીને કાંઈપણ થાય તો તેઓની જવાબદારી નહિ. ત્યાર પછી તેઓએ ઘરમેળે સમાધાન કરીને તેમની દીકરીને સાસરીએ મુકી આવેલા. ત્યાર પછી વધારે તેમની કુટ ચાલુ થયેલી. ત્યારબાદ તેમના સાસુએ સાબુ રાખેલો જેથી તેમની દીકરીનો પગ ભાંગી ગયેલો. જેથી તેઓ ખબર કાઢવા માટે ગયેલા. તેઓ ખબર કાઢવા ગયેલા તેના બીજા દિવસ સવારના ૬ વાગ્યે તેમની દીકરીના દિયરે પોલીસની ગાડી બોલાવી. એ લોકોએ પોલીસની ગાડી બોલાવીને કાંઈ લખાણ કરાવેલુ તેમણે કાંઈ લખાવેલુ નહિ. ત્યાબાદ બે ત્રણ દિવસ બાદ તેમની દીકરીની તબિયત સારી ન હોવાથી તથા પગ ભાંગી ગયેલ હોવાથી દવાખાને દાખલ હતી. ત્યાર પછી મનીશકુમાર તેમની દિકરીને તેમના ઘરે લઈ ગયેલા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમના પતિને એટેકની અસર થયેલી હતી એટલે તેમણે રાત્રે દોઢ બે વાગ્યે ૧૦૮ નું વાહન બોલાવેલુ. બીજા દિવસે બપોરના ૩-૪ વાગ્યે તેમના પતિને દવાખાનામાંથી રજા આપેલી. તેઓ રાત્રીના જમતા હતા ત્યારે અચાનક સખી વન સ્ટોપ માંથી રાત્રે ૧૦-૧૧ વાગ્યે ફોન આવેલો અને જણાવેલુ કે જુવાન દીકરી છે એટલે મમ્મી પપ્પા હોય તો તેની સોંપણી કરે નહિ તો દિકરીને સોંપીશું નહિ. એટલે તેઓ અને તેમના પતિ રાત્રે ૨ વાગ્યે જામનગરથી રીક્ષા લઈને રાજકોટ ગયેલા. તેમની દીકરીને જોયેલું તો ગળાના ભાગે લોહી નીકળતું હતુ અને હાથમાં

બંગડી દબાવેલી તેના નિશાન તથા ચાકુના નિશાન હતા, પગના ભાગે પાટો હતો. તેમને તેમની દીકરીને ત્યારે પુછેલુ કે શું થયેલુ છે ત્યારે તેમની દીકરીએ એવું જણાવેલુ કે બધા નોકરીએ જાય તે સમયે તેમની દીકરી અને તેનો દિયર એકલો ઘરે હોય છે તે સમયે પાણી આપવા જાય તો દિયર હાથ પકડાઈ તે રીતે પાણી લે છે અને ચુંદડીથી મોઢું લુછે છે અને એ છોકરો નજરનો થોડો ખરાબ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, ત્યારપછી તેઓ તેમની દીકરીના સાસુને ફોન કરેલુ પુછેલુ કે આવી રીતના કેમ છે ? તો તેમની દીકરીના દીયર એવું બોલેલા કે તેના પપ્પાને ૩-૪ લાખ ઘા કરીને છુટુ કરી દો આપણે તે છોકરી જોતી નથી. તેમની દીકરીને તેઓ સખી વન સ્ટોપમાંથી તેમની સાથે ઘરે લઈ આવેલા. ત્યારબાદ તેમની દીકરીને તેની સાસરીમાં મોકલવામાં આવેલી નથી.

(૧૦.૧) ત્યારબાદ બચાવપક્ષે કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, તેમની દીકરીના સાસરીવાળાઓએ લગ્ન પહેલા તેઓએ ધામધૂમથી લગ્ન કરવા છે તેવું ક્યારેય કહેલુ નહિ. વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે " તેમની દીકરીને તેમને જોયેલું તો ગળાના ભાગે લોહી નીકળતું હતુ અને હાથમાં બંગડી દબાવેલી તેના નિશાન તથા ચાકુના નિશાન હતા, પગના ભાગે પાટો હતો. વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે "ત્યારપછી તેઓ તેમની દીકરીના સાસુને ફોન કરેલુ પુછેલુ કે આવી રીતના કેમ છે ? તો તેમની દીકરીના દીયર એવું બોલેલા કે તેના પપ્પાને ૩-૪ લાખ ઘા કરીને છુટુ કરી દો આપણે તે છોકરી જોતી નથી. "

વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તેમના વેવાઈને એવું પૂછેલુ નહિ કે તેઓને તેમની દીકરી ઉપર કઈ બાબતની શંકા છે. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમના વેવાઈએ એવું જણાવેલું કે તેમની દીકરી સોશીયલ મીડીયા ઈન્સ્ટાગ્રામમાં અનેક લોકો સાથે વાતચીત કરે છે તે બંધ કરી દે. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તે સમયે તેમની દીકરી દિપીકાએ એવું કહેલુ કે તેઓ ઈન્સ્ટાગ્રામ ઉપર વાતચીત બંધ કરી દેશે. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ જ બાબતની ચર્ચા તેમની દીકરીના સાસરીમાં તેમની વચ્ચે થયેલી. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમના વેવાઈના ઘરે પણ તેમની દીકરીએ એવું જણાવેલુ કે હવે તેઓ ઈન્સ્ટાગ્રામ ઉપર વાતચીત કરશે નહિ. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ બંને વખત દિપીકાબેને વાતચીત કરવાનું બંધ કરી દેશે તેવું જણાવ્યા છતાં વાતચીત ચાલું રાખેલી એટલે વિવાદ થયેલો.

વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જો તેમની દીકરીને વ્યવસ્થિત રીતે રાખવા માંગે તો તેઓ તેમની દીકરીને તેની સાસરીમાં મોકલવા માંગે છે. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમને જે આક્ષેપો કરેલા છે તેવી કોઈપણ હકીકત તેમની દીકરી સાથે બનવા પામેલી નથી. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, દીપીકાબેન ઉપર કયારેય તેની સાસરીવાળાઓએ હાથ ઉપાડેલો નથી. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમની દીકરીના સાસરા પક્ષ તરફથી કોઈ દહેજની માંગણી કરવામાં આવેલી નથી. સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમની આર્થિક સ્થિતી સામાન્ય હોય એટલા માટે જ સમુહ લગ્નમાં લગ્ન કરેલા અને આર્થિક. સ્થિતી જાણતા હોય દહેજ માંગવાનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી.

સદર સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તદન ખોટા આક્ષેપો વાળી ફરીયાદને સમર્થન આપવા હાલની સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૦.૨) સદરહું સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ મહંદઅંશે ફીરયાદી બેનને ત્રાસ હોવાની હકીકતને સમર્થન આપે છે પરંતુ ચોકકસ શું બનાવ બનેલો તેની તેમને અંગત માહીતી નથી. તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે.

(૧૧.૦) ત્યારબાદ વધુમાં ફરીયાદપક્ષે **આંક-૧૯** થી સાહેદ **જીવતીબેન જીવાભાઈ મોઢવાડીયા**ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, દિપીકાબેનના માતા પિતા તેમની બે દીકરીઓને તેમને ત્યાં મુકીને દિપીકાબેનને તેડવા માટે રાજકોટ ગયેલા હતા. દિપીકાબેનના માતા પિતાને તેઓ મારાજથી ઓળખે છે એટલે તેમના નામની તેમને ખબર નથી.તેઓ દિપીકાબેનને તેડીને બીજા દિવસે આવેલા અને તેમને ત્યાં છોકરીઓને લેવા માટે આવેલા. તેમને ત્યાં આવ્યા ત્યારે દિપીકાબેનને પગમાં પાટો હતો એટલે તમણે તના વિશે પૂછેલુ. દિપીકાબેનને તેમને પૂછેલુ ત્યારે તેઓને જણાવેલુ કે દિપીકાબેનને મારવામાં આવેલા એટલે પગના ભાગે પાટો હતો અને લોહીના સૂકાયેલા ડાઘા દેખાતા હતા. દિપીકાબેન તેમને એવું કહેતા હતા કે તેઓને તેમના ઘરવાળાએ મારેલુ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે સમયે તેઓ ત્યાં હાજર ન હતા એટલે દિપીકાબેને તેમને જણાવેલી હકીકત કહે છે. ત્યાર પછી તેમની છોકરીઓ તેડીને દિપીકાબેન અને તેમના માતા પિતા જતા રહેલા.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમને સહિ કરવા માટે મારાજે બોલાવેલા એટલે તેઓ ઈરવીન હોસ્પિટલની પાસે આવેલ પોલીસ

ચોકીએ ગયેલી અને ત્યાં તેમની સહિ કરાવેલી. એક બહેન હતા તેણે તેમનું નામ અને બધુ લખેલુ. આ સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી. દિપીકાબેનને શા માટે મારેલા તેની તેમને ખબર નથી. દિપીકાબેનના લગ્નમાં તેઓ હતા એટલે તેઓના ઘરના સભ્યોને તેઓએ જોયેલા છે. તેઓના પતિ આજરોજ નામદાર અદાલતમાં હાજર હોય તેઓને ઓળખે છે.

(૧૧.૧) ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તેમના પોલીસ નીવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે દિપીકાબેનના માતા પિતા તેમની બે દીકરીઓને તેમને ત્યા મુકીને દિપીકાબેનને માતાપિતાને તેઓ મારાજથી ઓળખે છે. એટલે તેમના નામની તેમને ખબર નથી. તેઓ દિપીકાબેનને તેડીને બીજા દિવસે આવેલા અને તેમને ત્યા છોકરીઓને લેવા માટે આવેલા. તેમને ત્યા આવ્યા ત્યારે દિપીકાબેનને પગમાં પાટો હતો. એટલે તેમને તેઓ વિશે પુછેલું. દિપીકાબેનને તેમને પુછેલું ત્યારે તેઓએ જણાવેલુ કે દિપીકાબેનને મારવામા આવેલા એટલે પગના ભાગે પાટો હતો અને લોહીના સુકાયેલા ડાઘા દેખાતા હતા. દિપીકાબેન તેમને એવું કહેતા હતા કે તેઓને તેમના ઘરવાળાએ મારેલું છે.

(૧૧.૨) સદરહું સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ મહંદ અંશે ફરીયાદી બેનને પગમાં ઈજા હોવાથી તેણીએ પાટો બંધાવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ ઉલટતપાસમાં પોતાની સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તેવી હકીકત પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલી નથી. તેવો સ્વીકાર કરેલ છે.

(૧૨.૦) ત્યારબાદ વધુમાં ફરીયાદપક્ષે આંક-૨૧થી તપાસ કરનાર

અમલદાર દિલિપકુમાર કરમણભીઈ ગોહીલને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હાલ સીટી સી પો.સ્ટેમાં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવે છે. તેઓ ૨૦૨૪ થી જામનગર મહિલા પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા ત્યારે તેઓને ગુના રજી.નં.૦૩૮/૨૦૨૪ની તપાસ મળતા આ કામે સાહેદોના નિવેદનો લીધેલા તથા આરોપીઓને અટક કરી સી.આર.પી.સી.કલમ-૪૧(૧) મુજબની નોટીસ આપી મુકત કરેલા. ત્યારબાદ ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલું. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને જોયેથી ઓળખે છે.

(૧૨.૧) ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીને આરોપીઓએ કોઇ મારકુટ કરેલ હોય તેવા કોઇ મેડીકલ સર્ટી તેઓએ તપાસના કામે કબજે કરેલા નથી. સદર સાહેદે એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તેમને પોલીસ સ્ટેશનમાં બેસી સાહેદોના નિવેદનો તૈયાર કરેલા છે. સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના દ્રારા ગુનાની તપાસ દરમ્યાન માત્ર ફરીયાદીના ઘરના સભ્યોના જ નિવેદનો લેવામાં આવેલ છે. સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે,અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. સદર સાહેદે એ હકીકતનો ઇન્કાર કરે છે કે, આરોપીઓએ આ પ્રકારનો કોઇ ગુનો કરેલ નથી તેમ છતા ફરીયાદીની ફરીયાદ અનુસંધાને ખોટી તપાસ કરીને પુરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલુ છે.

(૧૨.૨) સદરહું તપાસ કરનાર અધિકારીની જુબાની તેઓની તપાસને આનુસંગિક હોય છે. તેઓની તપાસમાં સ્વતંત્ર રીતે આરોપી વિરૂધ્ધનો કોઇ પુરાવો આવેલ હોય તેવું વિશેષમાં ફલીત થતું નથી.

(૧૩.૦) આ કામે રેકર્ડ પરનો તમામ પુરાવો વંચાણે લેતા, ફરીયાદી મહંદઅંશે આરોપીઓ વિરૂધ્ધ તેઓ તેણીને શારિરીક અને માનસિક ત્રાસ આપતા હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ ઉલટતપાસ દરમ્યાન ફરીયાદીએ અદાલત સમક્ષ જુબાની દરમ્યાન આરોપીઓ વિરૂધ્ધ જે આક્ષેપો કરેલ છે તેવા આક્ષેપો પોતાની ફરીયાદમાં કરેલ નથી. તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. આમ, ખુદ ફરીયાદીનો પુરાવો પોતાની ફરીયાદથી વિસંગત જણાય આવે છે. ફરીયાદી તથા અન્ય સાહેદો ધ્વારા જે જુબાની આપવામાં આવેલી છે તેમા મહંદઅંશે ફરીયાદી પડી જતા તેઓના પગમાં પાટો બાંધવામાં આવેલી હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. જો કે ફરીયાદીએ પોતાની સરતપાસમાં તેમના સાસુ પગથીયા પર સાબુ મુકી દીધેલ હોવાથી તેણી પડી જતા પગમાં પ્લાસ્ટર આવેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ આ સાબુ મુકવાનું કૃત્ય ખરેખર બનેલું કે તે ઈરાદા પુર્વક તે સાબુ મુકવામાં આવેલ હતો તે સાબીત થતું નથી. ફરીયાદી પિતા જીતેન્દ્ર શાંતીલાલ વ્યાસ (આંક–૧૭) તથા ફરીયાદીના માતા સુમિત્રાબેન જીતેન્દ્ર વ્યાસ (આંક–૧૮) નાઓ પોતાના પુરાવામાં જણાવે છે કે ફરીયાદી બેનના સાસુએ સાબુનું પાણી નાખેલું જેના પર તેમની દીકરીનો પગ રાખેલ એટલે પડી જવાથી દીકરીને પગમાં ફ્રેકચર થયેલું. આમ ફરીયાદી અને તેમના માતા–પિતાની જુબાનીમા ખરેખર ફરીયાદી પડી જવાથી ફ્રેકચર થયાનો બનાવ છે તે સાબુ રાખવાથી બનેલ છે કે સાબુના પાણીના કારણે બનેલ છે તે હકીકત સબંધે વિસંગતતા જણાય આવે છે. તેમજ ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન આરોપીપક્ષ ધ્વારા દહેજ સબંધેની માંગણી કરવામાં આવેલ હોય તેનો પણ કોઈ વિશ્વાસ જન્ય પુરાવો અદાલત સમક્ષ રજુ થયેલ નથી. ફરીયાદપક્ષની હકીકત માની લેવામાં આવે તો પણ ફરીયાદી અને આરોપી નં.૧ વચ્ચે ગૃહસ્થ જીવનની સામાન્ય તકરાર હોય તેવું જણાય છે. પરંતુ આવા બનાવને કારણે ફરીયાદી આત્મહત્યા કરવાની પરીસ્થિતી ઉભી થાય પોતાનો જીવ જોખમમા મુકવાની

પરીસ્થિતી ઉભી થાય તેવા કોઇ સંજોગો ઉભા થયા હોય તેવું ફલીત થઇ આવતું નથી. વધુમાં ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ઉલટતપાસમાં તેમની વચ્ચે નાનીનાની બાબતોમાં મનદુ:ખ થવાથી સામાન્ય કહી શકાય તેવા ઝઘડાઓ થતા હોવાનું તથા તેમને કોઇપણ સમયે મારકુટ કરવામા આવેલી હોય અને તેઓએ તે બાબતે કોઇપણ ડોકટરી સારવાર મેળવેલ હોય તેવું બનેલ ન હોવાનું તથા તેમની પાસે કયારેય દહેજની માંગણી કરવામા આવેલી હોય અને તેમના તરફથી કોઇ દહેજ આપવામા આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદી પોતાની જુબાનીમાં કયાંય પણ એવી હકીકત જણાવેલ નથી કે,આરોપીઓએ ફરીયાદીને શારીરીક માનસિક દુ:ખત્રાસ આપી, મારકુટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય. ફરીયાદીએ પોતના સોગંદ ઉપરના પુરાવામા ફરીયાદથી તદન વિરૂધ્ધનો પુરાવો આપેલો છે. વધુમાં બંને પક્ષકારો વચ્ચે સંમતીથી છુટાછેડા થયેલ હોવાનું ફલીત થાય છે. આ કામે ફરીયાદીએ અદાલત સમક્ષ હાજર થઇ તેણી તથા આરોપીઓ વચ્ચે હાલ કોઇ તકરાર નથી. તેઓએ રાજીખુશીથી સમાધાન કરેલ છે. તે ધ્યાને લઇ યોગ્ય હુકમ થવા વિનંતી કરેલ છે. તે સંજોગોમાં બંને પક્ષકારો વચ્ચે કોઇ તકરાર ન હોવાનું માની શકાય તેમ છે. આમ, જયારે પક્ષકારોના કૃત્યો સમાજ વિરોધી ના હોય ત્યારે પક્ષકારો વચ્ચેની તકરારોનું કાયમી નીવારણ આવે તે માટે કોર્ટે પ્રયત્નો કરવા જોઇએ. આવી હકીકતો હોય ત્યારે કોર્ટે વધુ પડતો ટેકનીકલ વ્યુહ લેવો ના જોઇએ તેવું આ અદાલતનું માનવું છે.

(૧૪.૦) વધુમાં, આ કેસની હકીકતોને ધ્યાને લેતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી અથવા ઝઘડો થયેલ હોય તેવું રેકર્ડ પર આવે છે પરંતુ ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત મુજબ ફરીયાદીની ફરીયાદ લેશમાત્ર શંકા ઉપજાવે તેવી હોય તો આવી શંકાનો

લાભચોકકસપણે આરોપીઓને જ મળે છે. તે ઉપરાંત જયારે કેસનાં સંજોગોમાં જોતાં બે વ્યુ આવતાં હોય તો તે સમયે આરોપીઓનાં લાભનો વ્યુ અપનાવવો જોઈએ. આ અંગે નામદાર વડી અદાલતનાં નીચેનાં ચુકાદા ને ધ્યાને લેતાં...

It was held in the case of Bhagwan Singh and others versus State of Madhya Pradesh, 2002 (2) RCR (Cri.) (S.C) 593, that if two view are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other of his innocence, the view which is favourable to the accused be adopted.

ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવ્યા મુજબ પણ આ કામે શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર હોય તેવું આ અદાલતનું માનવું છે.

(૧૫.૦) આમ, સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ આ કામના આરોપીઓએ ફરિયાદીના લગ્નજીવન દરમિયાન નાનીનાની બાબતમાં ઝઘડો કરી, શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, મારકૂટ કરી, એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાયસંહિતા ૨૦૨૩ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) ૫૪ તથા દ.પ્ર.ધારાની કલમ–૪ મુજબનો ગુનો કરેલ હોવાનું નિઃશંકપણ પુરવાર કરી શકેલ ન હોય, આ કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદા નં. '**૧**' નો જવાબ '**નકારમાં**' ઠરાવી મુદા નં. '**૨**' પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી નં.(૧)મનીષભાઇ સ/ઓ વિમલભાઇ ઠાકર તથા આરોપી નં.(૨)વિમલભાઇ સ/ઓ ચંદુભાઇ હરીશંકર ઠાકર તથા આરોપી નં.(૩)મીનાક્ષીબેન વા/ઓ વિમલભાઇ ચંદુભાઇ ઠાકર તથા આરોપી નં.(૪) જતીનભાઇ સ/ઓ વિમલભાઇ ચંદુભાઇ ઠાકર રહે.બધા મવડી ચોકડી પાસે ઉદયનગર–૨ શેરી નં.૭,રાજકોટ તથા આરોપી નં.(૫)પાયલબેન વા/ઓ રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ તથા આરોપી નં.(૬)રોહીતભાઇ કિશનભાઇ વ્યાસ રહે. બંને અયોધ્યા ચોક રાધા રેશીડેન્સી–૨ બ્લોક નં.૬૩,ગોકુલ મથુરા એપાર્ટમેન્ટની પાછળ ૭ રાજકોટનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધ ધારાની કલમ ૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુરચકા રદ કરવામાં આવે છે તથા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) હેઠળ અપીલ સમય સુધી નવા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૨૭ મી, માહે :મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા. ૨૭/૦૫/૨૦૨૬

(એન. જી. પરમાર)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ તથા
અધિક ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,જામનગર
(કોડ નંબર –GJ00869 )

D.G.PATOLIYA